૨૧૨

# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ


ગુજરાત રાજય, ગાંધીનગર

ચ-૩ સર્કલ, સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર -૩૮૨૦૧૦

ફોન: ૦૭૯-૨૩૨૫૪૪૫૦

ફેકસ: ૦૭૯-૨૩૨૫૪૧૪૧


પત્ર ક્રમાંક: દ.ગુ./એસ.એમ.સી./૪૧(૧)/નરયો નં.૮૬ (કોસાડ)/ ૨૯૧૨ તા.૨૭/૭ /૨૦૨૨

પ્રતિશ્રી,

કમિશનરશ્રી

સુરત મહાનગરપાલિકા,

સુરત

MC/SMC 01/08/2022

મધ્યસ્થ કચેરી 30 JUL 2022 ક્રમ નંબર 9/1/579

વિષય:- સુચિત નગર રચના યોજના નં. ૮૬ (કોસાડ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ અનુમોદન આપવા બાબત

સંદર્ભ:-
૧.) આપશ્રીના તા.૨૪/૦૫/૨૦૨૨ ના પત્ર નં. ટીપીડી/આ/૯૩૦
૨.) અત્રેના તા.૧૭/૦૬/૨૦૨૨ ના પત્ર ક્રમાંક: દ.ગુ./એસએમસી/ ૪૧(૧)/ નરયો નં.૮૬ (કોસાડ)/૨૩૯૩
૩.) આપશ્રીના તા.૧૪/૦૭/૨૦૨૨ ના પત્ર નં. ટીપીડી/આ/૧૭૫૪

**શ્રીમાન,**

ઉપરોકત વિષયાન્વયે સંદર્ભ (૧) હેઠળના પત્રથી સુચિત નગર રચના યોજના નં. ૮૬ (કોસાડ) ની હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૪૧(૧) હેઠળ પરામર્શ મેળવવા દરખાસ્ત અત્રેને પાઠવેલ છે. જે અન્વયે અત્રેના સંદર્ભ (૨) હેઠળના પત્રથી માંગેલ પુર્તતા બાબતે આપશ્રી દ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જરૂરી સ્પષ્ટતા/પુર્તતા કરેલ છે. આમ ઉપરોકત વિગતો ધ્યાને લેતા, નીચે જણાવેલ શરતોને આધીન હદ પરામર્શ આપવામાં આવે છે.

૧. સૂચિત મુ.ન.ર.યો ની લાગુમાં આવતી નગર રચના યોજનાની હદો સુસંગત થાય તે મુજબ ચકાસણી કરી હદ સૂચવવાની રહેશે અને હદ ફેર થતો હોય તો અત્રેનો પુન:પરામર્શ મેળવવાનો રહેશે.

૨. સૂચિત નગર રચના યોજનામાં આવતાં હયાત તળાવ તેમજ જળપ્રવાહને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેનાં મૂળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે .

૩. સૂચિત નગર રચના યોજનામાંથી પસાર થતાં વિકાસ યોજનાનાં રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાનાં રહેશે.

૪. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાનાં તેમજ નગર રચના યોજનાની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોકસાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે. તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ

ઈનવર્ડ નં. ૭૧૭
ટી.પી.ડી. ડે. કમિ.શ્રી
તારીખ. 03/08/2022

પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.

૫. વિકાસ યોજનાનાં જે તે ઝોનમાં સમાવિષ્ટ મૂળખંડ તે જ ઝોનમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે .

૬. સૂચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોને જેમ સમાન ધોરણે કપાત કરી,તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી બાબતે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરચ-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

આ સાથે રજુ કરેલ નકશામાં સહી/સિક્કા કરી આપેલ છે.

બિડાણ - ઉપર મુજબ

**મુખ્ય નગર નિયોજક**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

નકલ રવાના :-

નગર નિયોજકશ્રી, શાખા કચેરી, સુરત તરફે બિડાણ સહ જાણ સારૂ